ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૫ ટકા

ગાંધીનગર તાપમાન

આજે શહેરમાં ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વની સાદગીપૂર્ણ ઉજવણી

દર વર્ષે યોજાતા ગુરૂપૂર્ણિમાના જાહેર કાર્યક્રમો આ વર્ષે કોરોનાના લીધે મુલત્વી રખાયા : સોશિયલ ડિસ્ટન્સ સાથે દર્શન ચાલુ પરંતુ પુષ્પ-શ્રીફળ કે પ્રસાદ વગેરે ચઢાવવા પર મનાઈ : સે-૨૩ના શાસ્ત્રી હરિકેશવદાસજી ઓનલાઈન સંદેશ આપશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં અષાઢ સુદ-૧૫ રવિવારના રોજ ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વે સાદગીપૂર્ણ ઉજવણી કરાશે. આ વર્ષે કોરોના વાયરસ સંક્રમણને પગલે મોટાભાગના ધાર્મિક સ્થળોએ ગુરૂપૂર્ણિમાના પર્વની ઉજવણીને રદ કરી છે અથવા માત્ર મર્યાદિત વ્યકિતઓની હાજરીમાં ગુરૂપૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે ગુરૂપૂર્ણિમાના પર્વની યોજાતી ભવ્ય અને શાનદાર ઉજવણીને બદલે આ વર્ષે સાદગીથી ઉજવણી ઉપરાંત કેટલેક સ્થળે ગુરૂના 'ઓનલાઈન' સંદેશની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શહેરના સેકટર-૧માં સમદર્શન આશ્રમ ખાતે આ વર્ષે લોકડાઉનના કારણે ગુરૂપૂજનનું જાહેર આયોજન કરવામાં આવ્યું નથી. અહી માત્ર ગુરૂમા પૂ. સમાનંદ સરસ્વતીજી ગુરૂ પરંપરાના પૂજન દ્વારા ગુરૂપૂર્ણિમા ઉજવશે. જો કોઈ ભકતો તેમના દર્શને આવશે તો તેમને મર્યાદિત સમય પુરતાં સોશિયલ ડિસ્ટન્સ રાખીને દર્શન કરવા દેવાશે તેવું આશ્રમના ટ્રસ્ટી કિરીટભાઈ અધ્વર્યુએ જણાવ્યું હતું. શહેરના સેકટર-૨૨ ખાતે પંચદેવ મંદિરે પણ આ વર્ષે ગુરૂપૂર્ણિમા નિમિત્તે કોઈ જાહેર આયોજન નથી કરવામાં આવ્યું. પરંતુ અહીં માત્ર ધર્માચાર્ય પૂ. ફુલશંકર શાસ્ત્રીજી તથા પુજારી અને મંદિરની વ્યવસ્થા સાથે જોડાયેલા મર્યાદિત વ્યકિતઓની હાજરીમાં રથયાત્રાની જેમ સોશિયલ ડિસ્ટન્સ સાથે ભગવાન વેદવ્યાસજીની ષોડશોપચાર પૂજનવિધિ યોજાશે. આ પછી જો કોઈ દર્શનાર્થીઓ મંદિરે આવશે તો તેમને સોશિયલ ડિસ્ટન્સ સાથે દર્શનની છૂટ અપાશે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ગાંધીનગરમાં એક માત્ર સે-૨૨ના પંચેદેવ મંદિરે ભગવાન વેદવ્યાસની મૂર્તિ છે અને દર ગુરૂ પૂર્ણિમાએ તેની પૂજા કરાય છે.

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેના સ્વામિનારાયણ મંદિરે ગુરૂપૂર્ણિમાના જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું નથી પરંતુ અહીં સવારે ૮ થી ૯.૩૦ દરમિયાન અને સાંજે ૪થી ૫ કલાક દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ સાથે દર્શન ચાલુ રહેશે. જો કે સાથે હરિભકતોને પુષ્પ, શ્રીફળ, પ્રસાદ ચઢાવવાની વગેરેની છુટ આપવામાં આવી નથી. સાંજે ૭.૪૫ કલાકે મંદિરની વેબસાઈટ પરથી પૂ. હરિકેશવદાસ શાસ્ત્રીજી ગૂરૂપૂર્ણિમા સત્સંગ આશીર્વાદ 'ઓનલાઈન' આપશે.

સેકટર-૨૮માં શ્રી રંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ સંચાલિત દત્ત મંદિર ખાતે ૭૭ રંગભકતો દ્વારા તેમના ઘરે રહીને જ 'શ્રી ગુરૂલિલામૃત'ના ૧૧ પારાયણો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન માત્ર પાંચ ભકતોની હાજરીમાં 'પાદુકા પૂજન' યોજાશે. તેમજ એકી-બેકી સીસ્ટમ અનુસાર સાંજે ૬ થી ૭ દરમિયાન 'એકી' સંખ્યાના સેકટરમાં રહેતા રંગભકતો અને ૭ થી ૮ દરમિયાન બેકી સંખ્યાના સેકટરમાં રહેતા રંગભકતો તેમજ રાત્રીના ૮ થી ૮.૩૦ દરમિયાન બાકીના રંગભકતો સોશિયલ ડિસ્ટન્સ સહિતના અનલોક-૨ના નિયમો અનુસાર દર્શન કરી શકશે. દત્ત મંદિરે પણ વસ્ત્ર, પ્રસાદ, ફુલાહાર કે શ્રીફળ તેમજ પૈસાની ભેટ પણ ધરાવવા મનાઈ કરવામાં આવી છે. સેકટર-૩૦માં સિંધુધામ ખાતે સવારે ૭ થી સાંજના ૭ સુધી સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમો સાથે દર્શન ચાલુ રહેશે પરંતુ કોઈ ઉત્સવ-પૂજા વગેરેનું આયોજન કરવામાં આવ્યું નથી.

વાવોલના સુપ્રસિધ્ધ રામધામ ખાતે પણ આ વર્ષે ગુરૂપૂર્ણિમાના જાહેર કાર્યક્રમનું આયોજન ટાળવામાં આવ્યું છે. પૂ. મધુસુદનદાસજી મહારાજે જણાવ્યું હતું કે આ પવિત્ર દિવસે સરકારે નક્કી કરેલ નિયમો અનુસાર માત્ર રાબેતા મુજબ દર્શન ચાલુ રહેશે જેમાં દર્શનાર્થીઓએ સોશિયલ ડિસ્ટન્સ જાળવી દર્શન કરવાના રહેશે.

અષાઢ સુદ-૧૫નો દિવસ ગુરૂપૂર્ણિમા તરીકે પછી ઓળખાયો પરંતુ આ દિવસે પરાપર્વ ભગવાન વેદવ્યાસનો યમુનાજીન બેટમાં જન્મ થયો હતો. જેમણે વૈદિક સાહિત્યને જીવંત રાખ્યું. વેદવ્યાસે એક વેદના ચાર ભાગ કર્યા, ઉપનિષદોને મઠાર્યા, ૧૮ પુરાણો લખ્યા, ૧ લાખ શ્લોકોનું મહાભારત જેમાં ભગવદગીતા સમાવિષ્ટ છે તેનું સર્જન કર્યું જેના માટે માત્ર ભારત વર્ષ જ નહી પરંતુ સમગ્ર વિશ્વ તેમનું ઋણી છે. વેદવ્યાસે વેદાંત પર ૭૦ સૂત્રો લખ્યાં જેને બ્રહ્મસૂત્ર કહેવાય છે જેમાં જગત, જીવ અને પરમાત્માની ચર્ચા છે અને તેના પરથી આદિશંકરાચાર્ય, રામાનુજ સ્વામી, વલ્લભાચાર્ય વગેરેએ ભાષ્ય લખ્યાં. આ પવિત્ર દિવસે જે ગુરુ ભગવાન વેદવ્યાસનું પૂજન પહેલા કર્યા-કરાવ્યા સિવાય જો પોતાનું પૂજન કરાવે તો તે યોગ્ય ના કહેવાય.

- પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી ધર્માચાર્ય, પંચદેવ મંદિર, સે-૨૨



આપણી શાસ્ત્રીય પરંપરામાં ગુરૂપૂર્ણિમાનો દિવસ અત્યંત શુભ, મંગળકારી અને પુણ્યદાયી માનવામાં આવે છે. વ્યકિતની ભીતરની સૃષ્ટિમાં ઉજ્જવળતા અને ઉત્કર્ષ માટે જીવનમાં સદગુરુનો સિંહફાળો હોય છે. અને એ બદલ પ્રત્યેક સાધક ઋણી અને ઉપકૃત છે. આ અહોભાવની અભિવ્યકિત માટેનો સુનિશ્ચિત દિવસ ગુરૂપૂર્ણિમા સમસ્ત ગુરુ પરંપરા પ્રતિ શ્રધ્ધા અને સમર્પણનો સુમંગવલ અવસર છે. આ પવિત્ર દિવસે હાલની પ્રતિકૂળ પરસ્થિતિમાં ચોમેર પ્રસરેલ કોરોનાના ભય, ઉચાટ અને ઉદવેગ વચ્ચે ઈશ્વર પ્રત્યે આપણી શ્રધ્ધા દૃઢ અને અદ્ધગ રહે અને આ કટોકટી કાળ સામે સલામતપૂર્વક પસાર કરી શકીએ તેવા શુભાશિષ.

- પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજી, સમદર્શન આશ્રમ, સે-૧

સિવિલ કેમ્પસમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે ગાંધીનગર સિવિલ કેમ્પસમાંથી બાઈકની ચોરી થવા પામી છે. સિવિલમાં ફીઝીશીયન તરીકે ફરજ બજાવતા અરૂણકુમાર જયંતિભાઈ મકવાણા (ઉં.૩૨) કેમ્પસમાં આવેલા સ્ટાફ કવાટર્સ ખાતે રહે છે. ગત તા.૧૪ જુનના રોજ સવારે સાડા અગીયાર કલાકે નોકરીથી ઘરે આવ્યા હતા. સ્ટાફ કવાટર્સમાં પોતાનું બજાજ પલ્સર બાઈક નં. જી.જે.૧૮.સી.બી.-૯૨૫૯ પાર્ક કરીને તે ઘરે ગયા હતા. ત્યારબાદ સાંજના સુમારે તે ઘરની બહાર આવ્યા હતા અને જોયુ તો બાઈક ગાયબ હતું. સિવિલ કેમ્પસ અને આસપાસમાં શોધખોળ કરવા છતા બાઈક મળી આવ્યું ન હતું. જેથી ડોકટરે બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨૫ કિંમતના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા-ઈસનપુર માર્ગ પરથી યુવક દારૂની ૪ બોટલ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ચિલોડા-ઈસનપુર માર્ગ પરથી બાઈક ચાલક દારુના ૩૦ કવાટર સાથે ઝડપાયો છે. ચિલોડા પોલીસે બાતમીને પગલે ચિલોડાથી ઈસનપુર જતા માર્ગ પર ઉમીયાનગર પાસે બાઈક ચાલકને ઝડપ્યો હતો. જી.જે.૦૧.એલ.એફ.-૯૨૨૧ નંબરના હુકમાં ભરાયેલ થેલામાં ચેક કરતા અંદરથી દારુની ૪ બોટલ મળી આવી હતી. પોલીસે બાઈક ચાલકનું નામ પુછતા તેણે બાસણ ગામનો શૈલેષ વિહાભાઈ ઓડ (ઉં.૧૯) હોવાનું ધ્યાને આવ્યું હતું. તેની પુછતાછમાં તેણે ચિલોડા ઉમીયાનગર ખાતે આવેલા ઉમિયા પાર્લરમાં દારૂ હોવાનું કહ્યું હતું. જેથી પોલીસે પાર્લર પરથી દારુની નાની ૨૬ બોટલ જપ્ત કરી હતી. ચિલોડા પોલીસે રૂ.૩ હજારની કિંમતનો દારુ, રૂ.૩૦ હજારનું બાઈક અને એક મોબાઈલ મળી કુલ રૂ. ૩૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે આરોપી સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેર-જિલ્લામાં માસ્ક ન પહેરવા મામલે પોલીસે ૪૫ લાખ દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારમાં માસ્ક ન પેહરીને જાહેરનામાનો ભંગ કરવા બદલ કુલ ૨૧,૯૭૫ વ્યકિતઓ પાસેથી રૂપિયા ૪૪ લાખ ૭૪ હજારથી વધુની રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, તેવું જિલ્લા કલેકટર ડાં. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડાં. કુલદીપ આર્યએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે બહાર નીકળતા વ્યકિતએ માસ્ક પેહરવાનું ફરિજીયાત છે, તેવું જાહેરનામું બહાર પાડી જણાવવામાં આવ્યું છે. તેમ છતાં જિલ્લામાં અમુક વ્યક્તિઓ દ્વારા જાહેરનામાનો ભંગ કરવામાં આવી રહ્યો છે. તેમની સામે દંડનીય કાર્યવાહી કરવાની જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કલેકટરે જણાવ્યું છે કે અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લા પોલીસતંત્ર દ્વારા ૧૮,૬૫૩ વ્યક્તિઓને માસ્ક પહેર્યા વગર પકડી પાડયા હતા. જેમની પાસેથી રૂપિયા ૩૭,૩૦,૬૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૪૩૭ વ્યક્તિઓને માસ્ક ન પહેરી જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૧,૧૦,૮૫૦નો દંડ વસૂલ કર્યો છે. ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં માસ્ક ન પહેરેલા ગાંધીનગર તાલુકામાંથી ૨૮૦ વ્યકતિઓ પાસેથી રૂ. ૮૦,૦૬૦, માણસા તાલુકામાંથી ૧૦૦ વ્યક્તિઓ પાસેથી રૂ. ૩૧,૩૨૦, દહેગામ તાલુકામાંથી ૨૧૫ વ્યક્તિઓ પાસેથી રૂ. ૬૫,૫૫૦ અને કલોલ તાલુકામાંથી ૩૨૧ વ્યક્તિઓ પાસેથી રૂ. ૬૪,૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તેમજ જિલ્લાના નગરપાલિકા વિસ્તારમાં પણ આ અંગે સખત કાર્યવાહી કરીને માણસા નગરપાલિકા દ્વારા ૩૭૫ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૭૩,૩૫૦, કલોલ નગરપાલિકા દ્વારા ૧૨૩૭ વ્યક્તિઓ પાસેથી ૨,૪૭,૪૦૦ અને દહેગામ નગરપાલિકા દ્વારા ૩૫૭ વ્યક્તિઓ પાસેથી ૭૧,૪૦૦નો દંડ વસૂલ કર્યો છે.

શોખને કયારેય પરિસ્થિતિ નથી નડતી.... કોરોનાના લીધે થયેલ લોકડાઉન દરમિયાન ઠંડા પીણા અને આઈસ્ક્રીમ ઉનાળાની સિઝનમાં આરોગવા મળ્યા નથી અને હવે અનલોક થતા દરેક જરૂરી ચીજવસ્તુઓ મળી રહે છે ત્યારે શ્રમજીવી બાળક સિમેન્ટની લારીમાં બેસી આઈસક્રીમ ખાઈ આનંદ માણતો જણાય છે.

પેથાપુરમાં વરલી-મટકાનો જુગાર રમાડતા પિતા-પુત્ર ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામમાં સરઢવવાળા વાસ ખાતે મોબાઈલ ફોન પર વરલી મટકાનો જુગાર રમાડતા પિતા-પુત્રને પોલીસે પકડી પાડ્યા છે. પેથાપુર પોલીસે બાતમીને પગલે રેઈડ પાડતા સુરેશ નાથુભાઈ નાયક (ઉં.૨૬) તેમજ તેના પિતા નાથુભાઈ કરશનભાઈ નાયક (ઉં.૫૬) ઝડપાયા હતા. તેમના ફોનમાંથી મિલન વરલી મટકાના આંકડા લખીને લેવડ-દેવડ રેકોર્ડીંગ મળી આવ્યા હતા. જેથી પોલીસે રૂ.૪૮૦ રોકડા અને પોન મળી કુલ રૂ.૧૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પેથાપુર પોલીસે પિતા-પુત્ર સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સે-૭ પોલીસે દેશી દારૂ પકડયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના જવાનો માસ્ક વિના ફરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરવા માટે પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે સેકટર-૬ શોંપીગ સેન્ટર ખાતે પાર્કિંગમાં સ્વીફટ ડિઝાયર કાર ઉભી હતી. જી.જે.૧૮.એ.ઝેડ-૨૪૨૧ નંબરની કાર હિલચાલ શંકાસ્પદ લાગતા પોલીસ ચેકીંગ માટે પહોંચી હતી. પોલીસે યુવકના નામ અંગે પુછતા તે સેકટર-૨૬ કિશાનનગરમાં રહેતો પૂર્વજીત પ્રભાતભાઈ રબારી (ઉં.૨૨ મકાન નં.૧૬૦-૨) હોવાનું સામે આવ્યું હતું. સેકટર-૬ ખાતે ઉભા રહેવા અંગે કારણ પુછતા યુવક યોગ્ય જવાબ આપી શક્યો ન હતો.જેથી પોલીસે ગાડી ચેક કરતા ડેકીમાંથી દેશીદારુ ભરેલી ૫૦૦ મીલીની ચાર કોથળીઓ મળી આવી હતી. જેને અનુલક્ષી પોલીસે રૂ.૪૦ ની કિંમતનો ૨ લીટર દેશી દારૂ અને રૂ. ૪ લાખની કાર કબ્જે કરી યુવક સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ગુજરાત પોલીસ તાલીમ સેન્ટરમાં ૪૭થી વધુ જવાનો કોરોનાગ્રસ્ત થતા ચિંતા વધી

ગાંધીનગર, તા.૪

રાજ્ય પોલીસ માટે ચિંતાનો નવો વિષય ઉભો થયો છે. રાજ્યભરના વિવિધ પોલીસ તાલીમ સેન્ટરોમાં મોટા પાયે કોરોના પોઝિટિવ કેસો સામે આવ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગાંધીનગરના કરાઈ, જુનાગઢ, વડોદરા સહિત જિલ્લામાં ચાલતા ટ્રેનિંગ સેન્ટરોમાં ૪૭ થી વધુ કોરોના પોઝિટિવ દર્દીઓ સામે આવ્યા છે. રાજ્ય પોલીસ વડાએ તમામ ટ્રેનિંગ સેન્ટરો પાસેથી રિપોર્ટ માંગ્યો છે. ઉલ્લેખનીય છે કે, વડોદરામાં પ્રતાપનગર તાલિમ શાળામા ૧૯ તાલિમી જવાનોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૨૦ જવાનોના સેમ્પલ લેવામા આવ્યા હતા. તેમાંથી ૧૯ કેસ પોઝિટિવ આવ્યા છે. સમગ્ર રાજ્યમાથી આવેલા ૪૭૧ એલઆરડી જવાનો અહીં તાલીમ લઈ રહ્યા છે. ત્યારે એકસાથે ૧૯ જવાનોમાં કોરોના પોઝિટિવ આવતા અન્ય તાલિમી જવાનોમાં ભય ફેલાયો છે. આ જવાનોમાંથી કેટલાકને શરદી, ઉધરસ અને તાવની ફરિયાદો હતી. જેથી તમામનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

આ જવાનોમાંથી ૩૦માં કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા. જેઓનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. જેમાથી ૧૯ તાલીમાર્થીઓનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. આ તમામ તાલીમાર્થીઓનેસયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ જવાન કોરોના મહામારીમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ બન્યા છે. આવામાં જો વધુ પ્રમાણમાં તાલીમ લેતા જવાનો તેની ઝપેટમાં આવતા હોય તો તે ચિંતાનો વિષય છે. જેથી ગુજરાત પોલીસના અધિકારીઓ પણ સતર્ક થઈ ગયા છે.

એનએસયુઆઈ દ્વારા તમામ શાળા-કોલેજના વિદ્યાર્થીઓની ફી માફ કરવા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન પત્ર

કોરોનાની મહામારીના સમયમાં પણ જિલ્લામાં બેફામ બનેલા ખાનગી શાળાના સંચાલકો દ્વારા વાલીઓ પાસેથી ફી મુદે ઉઘરાણી કરાય છે. ત્યારે કોરોનાના કપરા સમયમાં પણ ફી ની કડક ઉઘરાણી કરતી શાળા અને સંચાલકો સામે તાત્કાલીક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ અમિત પારેખ સહિત કાર્યકરોએ ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીને મળીને લેખિત રજુઆત કરી છે.

મેયરે સ્પે. ચિલ્ડ્રન્સ હોમની મુલાકાત લઈ બાળકોના હાલચાલ પૂછયા

સંસ્થાની વ્યવસ્થાથી પ્રભાવિત થઈ મેયરે તમામ સુવિધાઓ માટે મદદરૂપ થવાની ખાત્રી આપી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૧૯ ખાતે સ્પેશ્યિલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે એચઆઈવી ગ્રસ્ત બાળકોના હાલચાલ પુછવા માટે શુકવારે શહેરના મેયર રીટાબેન પટેલ પહોંચ્યા હતા. તેમણે આ બાળકો સાથે મુલાકાત કરી તેમની સાથે વાતો કર્યા પછી માસ્ક તથા સેનેટાઈઝર વગેરેની ભેટ આપી હતી અને આ સાથે તેમણે સંચાલક સંસ્થા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના વ્યવસ્થાપકો સાથે વાત કરી સંસ્થાને બનતી મદદ કરવાની તૈયારી દાખવી હતી.

કોરોના કોવિડ-૧૯ વાયરસ સામે લડવા શરીરમાં રોગપ્રતિકારક શકિત સારી સ્થિતિમાં હોવી જરૂરી છે. સેકટર-૧૯માં સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકોને એચઆઈવીગ્રસ્ત હોવાને કારણે તેમની રોગપ્રતિકારક શકિત નબળી હોય છે તેથી આ બાળકોને વધુ પોષણ મળે તેવો ખોરાક અને વાતાવરણ ઉપરાંત તેમને ચેપ ના લાગી જાય તે માટે ખાસ તકેદારી લેવી પડે છે. સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમનું સંચાલન અત્યારે જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનને સોંપવામાં આવ્યું છે. જેના કાર્યથી મેયર રીટાબેન પટેલ પ્રભાવિત થયા હતા અને સંસ્થાની વ્યવસ્થાની પ્રસંશા કરી હતી. આ સાથે તેમણે સંસ્થાના સંચાલક મંડળના હોદ્દેદારો સાથે વાત કરી સ્પે. ચિલ્ડ્રન્સ હોમ માટે જરુરી સુવિધાઓ મનપા દ્વારા પુરી પાડવામાં આવશે અને તે માટે તે વ્યકિતગત ધોરણે રસ લઈ મદદરૂપ થશે તેવી ખાત્રી આપતા સંસ્થાના હોદ્દેદારોએ મેયરનો આભાર વ્યકત કર્યો હતો.

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા તા. ૩ જુલાઈના રોજ સોશિયલ ડિસ્ટન્સીંગ તથા માસ્ક પહેરીને મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશની સરહદ પર શહીદ થયેલ જવાનોને મીણબત્તી પ્રગટાવી મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી તથા ગુરૂપૂર્ણિમા નજીકમાં જ હોવાથી ગુરૂને કંકુ તિલક કરી ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ પ્રતિમાબેન તથા મંત્રી અલ્પાબેન ગોર દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાની બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ચિરવિદાય

- સ્વ. સજનબેન કેશાજી બિહોલા, ઉ.વ. ૯૩, મુ. પાલજ
- સ્વ. વિનુભાઈ સોમાભાઈ નાયક, ઉ.વ. ૫૨, મુ. મોટા ચિલોડા
- સ્વ. વાઘેલા સંજયભાઈ રામજીભાઈ, ઉ.વ. ૩૫, નવાનરોડા, અમદાવાદ
- સ્વ. સોંડીલાલ રામસુંદર યાદવ, ઉ.વ. ૬૦, કુડાસણ
- સ્વ. ઠાકોર પરેશ જેસંગજી, ઉ.વ. ૧૨, રાજદીનપુરા, તા. સમી પાટણ
- સ્વ. પ્રફુલભાઈ ઘનશંકર વ્યાસ, ઉ.વ. ૭૫, મુ. કલોલ